## જાહેરનામું

### પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૨૪/૨૦૨૬, તા.૯/૭/૨૦૨૬

હું, અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૧૬/૭/૨૦૨૬ ના રોજ ૧૪૯ મી નગર રથયાત્રા નિકળનાર છે. આ રથયાત્રાના દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ, એકત્રિત થતી મોટી જનમેદની વચ્ચે વાહનોની અવર–જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૬/૭/૨૦૨૬ નાં રોજ જગન્નાથ મંદિરની ૧૪૯ મી નગર રથયાત્રા નિકળનાર છે. આ રથયાત્રાના માર્ગ તેમજ રથયાત્રાના માર્ગને જોડતા માર્ગ વાહન વ્યવહાર માટે પ્રતિબંધ રાખવું અનિવાર્ય જણાતું હોવાથી નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

**રથયાત્રાનો માર્ગ :** જમાલપુર દરવાજા બહારથી જગન્નાથ મંદિરથી સવારે રથયાત્રા નીકળી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ગોળલીમડા, આસ્ટોડીયા ચકલા, મદનગોપાળની હવેલી, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, ખાડીયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રીજ થઈ સરસપુર જશે. ત્યાર બાદ સરસપુર વિશ્રામ કર્યા પછી રથયાત્રા સરસપુર થી નીકળી કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઓતમપોળ, આર.સી.હાઈસ્કુલ, દિલ્હી ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, ફુવારા, ચાંદલાઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાકમાર્કેટ દાણાપીઠ, ગોળલીમડા, ખમાસા, જમાલપુર ચકલા થી શ્રી જગન્નાથ મંદીર રથયાત્રા પરત આવશે.

| **વાહનોની અવર–જવર માટે જતો–આવતો પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
| --- | --- |
| • ખમાસા ચાર રસ્તા થી જમાલપુર ચારરસ્તા થી જમાલપુર ફુલ બજાર સુધી.<br>• રાયખડ ચાર રસ્તા થી આસ્ટોડીયા દરવાજા સુધી.<br>• આસ્ટોડીયા ચકલા થી કાલુપુર સર્કલ સુધી.<br>• સારંગપુર સર્કલ થી કાલુપુર સર્કલ થી કાલુપુર બ્રીજ થી સરસપુર સુધી.<br>• કાલુપુર સર્કલ થી પ્રેમદરવાજાથી દરીયાપુર દરવાજાથી દિલ્હી ચકલા સુધી.<br>• દિલ્હી ચકલા થી શાહપુર દરવાજા થી શાહપુર ચકલા થી રંગીલા ચોકી થી આર.સી.હાઈસ્કુલ થી ઘી–કાંટા ચાર રસ્તા થી પાનકોર નાકા થી માણેકચોક થી ગોળલીમડા સુધી. | • રાયખડ ચાર રસ્તા થી વિકટોરીયા ગાર્ડન થઈ રીવરફ્રન્ટ થઈ ફુલ બજારથી જમાલપુર બ્રીજ થઈ ગીતામંદિર જઈ શકાશે.<br>• રાયખડ ચાર રસ્તાથી જમાલપુર ગાયકવાડ હવેલી તરફ જઈ શકાશે.<br>• આસ્ટોડીયા ચાર રસ્તા થઈ ગીતામંદિર થઈ જમાલપુર બ્રીજ થઈ સરદારબ્રિજથી પાલડી જઈ શકાશે.<br>• કામદાર ચાર રસ્તા થઈ હરીભાઈ ગોદાણી થઈ પોટલીયા ચાર રસ્તા થઈ નિર્મલપુરા ચાર રસ્તા થઈ ચામુંડાબ્રિજ થઈ ચમનપુરા સર્કલ થઈ અસારવા બ્રીજ થઈ ઈદગાહ સર્કલ જઈ શકાશે.<br>• ઈન્કમટેક્ષ થઈ ગાંધીબ્રિજ થઈ રાહત સર્કલ થઈ દિલ્હી દરવાજા થઈ ઈદગાહ સર્કલ જઈ શકાશે.<br>• દિલ્હી દરવાજા થઈ રાહત સર્કલ થઈ દધિચી સર્કલ થઈ રીવરફ્રન્ટ થઈ લેમન ટી થઈ રુપાલી થઈ વીજળીઘર લાલદરવાજા તરફ જઈ શકાશે. |

**રથયાત્રા-૨૦૨૬ અનુસંધાને ઉપર્યુક્ત જાહેર કરેલ પ્રતિબંધિત માર્ગ અને વૈકલ્પિક માર્ગ અન્વયે જાહેર જનતાએ નીચે મુજબની વિગતે અવર-જવર કરવા ફરજ પરની પોલીસના આદેશોનું પાલન કરવાનું રહેશે :**

- જમાલપુર પોલીસ ચોકીથી ખમાસા ચોકી તરફ જતો અને આવતો ટ્રાફિક સવારના કલાક ૦૫.૦૦ થી બંધ કરવામાં આવશે અને વૈકલ્પિક માર્ગ તરીકે મ્યુનિસિપલ હેલ્થ સ્ટાફ ક્વાટર્સ (શ્રી અશોક ભટ્ટ બ્રીજ પશ્ચિમ છેડા તરફ) થઈ ખાનજા દરવાજા થઇ ગાયકવાડ હવેલી થઇ રાયખડ તરફ જઇ શકશે.
- રાયખડ ચાર રસ્તા થી ખમાસા ચોકી તરફનો ટ્રાફિક જયશંકર સુંદરી હોલ થઇ ગાયકવાડ હવેલી થઇ ખાનજા દરવાજા થઇ ફુલબજાર તરફ તથા રાયખડ ચાર રસ્તા થઇ વિકટોરીયા ગાર્ડન થઇ જીલ્લા પંચાયત થઇ વિજળીઘર તરફ જઇ શકશે.
- આસ્ટોડીયા દરવાજા થી ટ્રાફિક ખમાસા તરફનો ટ્રાફીક ગીતામંદિર એસ.ટી.સર્કલ તથા રાયપુર દરવાજા તરફ જઇ શકશે.
- દાણાપીઠ ચાર રસ્તા થી ગોળલીમડા સર્કલ તરફ જતો ટ્રાફીક શાકમાર્કેટ તરફ ડાયવર્ટ કરવામાં આવશે તથા ઢાલગરવાડ તથા માણેકચોક તરફ જવા દેવામાં આવશે નહી.
- સારંગપુર ચકલા થી ટ્રાફિક ખાડીયા તરફ જવા દેવામાં આવશે નહી તથા રાયપુર દરવાજા તરફનુ ટ્રાફિક ખાડીયા ચાર રસ્તા તરફ આવશે નહી.
- પાંચકુવા દરવાજાથી ટ્રાફિક ખાડીયા તરફ જવા ન દેતા સારંગપુર સર્કલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- કાલુપુર બહાર તરફથી કાલુપુર બ્રિજ તરફ તથા અમદુપુરા તરફથી કાલુપુર બ્રિજ તરફ આવતો ટ્રાફિક જવા દેવામા આવશે નહી.
- અમદુપુરા ત્રણ રસ્તાથી નરોડા તરફથી આવતો ટ્રાફિક કાલુપુર બ્રિજ તરફ જવા નહી દેતા બ્રિજ નીચે થઇ ચમનપુરા સર્કલ થઇ અસારવા બ્રિજ થઇ ઇદગાહ તરફ ડાયવર્ટ કરવામાં આવશે તથા નિર્મલપુરા ચાર રસ્તા થઇ પોટલીયા ચાર રસ્તા થઇ રખિયાલ ચાર રસ્તા તરફ ડાયવર્ટ કરવામા આવશે.
- નિર્મલપુરા ચાર રસ્તા પાસે વોરાના રોજા તરફથી આવતો ટ્રાફિક અનીલ સ્ટાર્ચ થઇ મેમ્કો તેમજ બાપુનગર તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- પોટલીયા ચાર રસ્તા પાસે નિર્મલપુરા ચાર રસ્તા બાપુનગરથી આવતો ટ્રાફિક શારદાબેન હોસ્પીટલ તરફ જવા ન દેતા ચામુંડાબ્રિજ તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- રખીયાલ ચાર રસ્તા અને હરીભાઇ ગોદાણીના દવાખાના પાસેથી ટ્રાફિકને સરસપુર ચાર રસ્તા તરફ તેમજ જાલમપુરીની ચાલી તરફ જવા નહી દેતા રાયપુર મીલ થઇ પટેલ મીલ ટી તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- પ્રેમ દરવાજા પાસે ઇદગાહ સર્કલ તફ થી આવતો ટ્રાફિક દિલ્હી દરવાજા તરફ અને દિલ્હી દરવાજા બાજુ થી આવતો ટ્રાફિક ઇદગાહ સર્કલ થઇ અસારવા બ્રિજ થઇ ચમનપુરા સર્કલ થઇ ચામુંડાબ્રિજ થઇ નિર્મલપુરા ચાર રસ્તા થઇ પોટલીયા ચાર રસ્તા થઇ રખિયાલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે. આ ટ્રાફિકને કાલુપુર સર્કલ તરફ જવા દેવામાં આવશે નહી.
- દિલ્હી દરવાજાથી દિલ્હી ચકલા ટ્રાફિક જવા નહી દેતા તે ટ્રાફિક રાહત સર્કલ થઇ ઇન્કમટેક્ષ બ્રિજ તરફ તેમજ દરીયાપુર દરવાજા તરફ ડાયવર્ટ કરવામાં આવશે. તેમજ દિલ્હી ચકલાથી જોર્ડન રોડ તરફ ટ્રાફિક જવા નહી દેતા મિરઝાપુર થઇ વિજળીઘર તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- શાહપુર શંકરભુવનથી શાહપુર સર્કલ તરફ ટ્રાફિક નહી જવા દેતા કામા હોટલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે અને ઇન્કમટેક્ષ તરફથી આવતા ટ્રાફિકને અદ્વૈત આશ્રમ થઇ રાહત રેસ્ટોરંન્ટ મહેદીકુવા લાલાકાકા માર્કેટ થઇ દિલ્હી દરવાજા તરફ જવા દેવામાં આવશે.
- મિરઝાપુર તરફથી આવતા ટ્રાફિકને પ્રભાતપ્રેસ ચાર રસ્તાથી દિલ્હી ચકલા તરફ જવા ન દેતા જુના પાવર હાઉસ શાહપુર તરફ ડાયવર્ટ કરવામાં આવશે. તેમજ દિલ્હી દરવાજાથી શાહપુર તરફ ટ્રાફિક ન જવા દેતા રાહત સર્કલ થઇ દુધેશ્વર પોલીસ ચોકી થઇ દધિચીબ્રિજ સર્કલથી જમણી બાજુ રીવરફ્રન્ટ રોડ તરફ ડાયવર્ટ કરવામા આવશે.

- સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ તરફથી ઘી–કાંટા ચોકી તરફ ટ્રાફિક જવા ન દેતા ટ્રાફિકને રિલીફ સિનેમા અથવા મીરઝાપુર તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- પથ્થરકુવા પાસેથી ત્રણ દરવાજા બિસ્કીટ ગલી તથા કોર્ટ કમ્પાઉન્ડ તરફથી આવતો ટ્રાફિક ઘી–કાંટા ચાર રસ્તા તરફ જવા દેવામાં આવશે નહી તેને રિલીફ સિનેમા તરફ ડાયવર્ટ કરવામાં આવશે.
- ત્રણ દરવાજા થી પાનકોર નાંકા તરફ જતો ટ્રાફિક બંધ કરશે.
- ગોળલીમડાથી પાનકોર નાંકા તરફ આવતો અને આસ્ટોડીયા દરવાજા થી ખમાસા તરફ આવતો અને રાયખડ ચાર રસ્તા થી ખમાસા ચાર રસ્તા તરફ આવતો અને ખમાસા ચાર રસ્તા થી ગોળલીમડા તરફ આવતો ટ્રાફિક બંધ કરાવશે.
- રથયાત્રા દિલ્હી ચકલા આવે ત્યારે ઓરીએન્ટલ બિલ્ડીગથી ઘી–કાંટા ચાર રસ્તા જતો ટ્રાફિક અને રિલીફ ચાર રસ્તા થી ઘી–કાંટા ચાર રસ્તા તરફ જતો ટ્રાફિક બંધ કરવામાં આવશે.

**અપવાદ :** રથયાત્રા–૨૦૨૬ સાથે સંકળાયેલ પોલીસ વિભાગ તથા વહીવટી તંત્રની મંજુરી મેળવેલા વાહનો, ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ,એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર–જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**નોંધ : કાલુપુર રેલ્વે સ્ટેશન જવા માટે સારંગપુર સર્કલ ખાતે ઉતરીને કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ જઇ શકાશે.**

**–: જાહેરનામાની અમલવારીની વિગત :–**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૫/૭/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬/૭/૨૦૨૬ ના રોજ નીકળનાર રથયાત્રા પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૮/૭/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા. ૮/૭/૨૦૨૬
અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં–૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.